# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", સત્યનગરની સામે, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૦૫/૦૪/૨૦૧૭

તંત્રીશ્રી,

............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **પ્રબળ રાષ્ટ્રવાદ અને નક્કર વિકાસવાદના પાયા પર ઉભેલા ભાજપના ૩૮માં સ્થાપના દિવસની કાર્યકર્તાઓ, શુભેચ્છકોને શુભેચ્છા પાઠવતા ભાજપ–સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા**
- **૬ઠ્ઠી એપ્રિલ ભાજપ સ્થાપના દિવસ નિમિત્તે સાંજે ૬:૦૦ કલાકે ભાજપ કાર્યાલય ખાતે ધ્વજારોહણ કાર્યક્રમ યોજાશે.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

પ્રબળ રાષ્ટ્રવાદ અને નક્કર વિકાસવાદના પાયા પર ઉભેલી ભારતીય જનતા પાર્ટીના ૩૮માં સ્થાપના દિવસની ભાજપ–સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાએ પાર્ટીના કાર્યકર્તાઓ અને શુભેચ્છકોને શુભેચ્છા પાઠવી છે. ૬ઠ્ઠી એપ્રિલ ભાજપ સ્થાપના દિવસની શહેરભરમાં ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવશે.

૬ઠ્ઠી એપ્રિલ, ગુરૂવારના રોજ "પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના ખાતે સાંજે ૬:૦૦ કલાકે શહેર પ્રમુખ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાને હસ્તે

ધ્વજારોહણનો કાર્યક્રમ કરવામાં આવશે. આ ઉપરાંત વોર્ડમાં સમાવિષ્ટ તમામ ૨૭૫૧ બૂથોમાં ભાજપ સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. પાર્ટીના કાર્યકરો ઘરે–ઘરે જઈને પાર્ટીના સ્ટીકરો ચોંટાડશે. ભાજપ–ગુજરાત પ્રદેશની તથા રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની યોજનાની પુસ્તિકાઓનું વિતરણ કરશે. આ ઉપરાંત તમામ ૨૯ વોર્ડમાં ઘરે–ઘરે ભાજપના ધ્વજ લગાડવામાં આવશે. આ ઉપરાંત કાર્યકરો, શુભેચ્છકો અને સામાન્ય જનતાનું મોઢું મીઠું કરાવવામાં આવશે.

ભ્રષ્ટાચારનો પર્યાય, તૃષ્ટિકરણનો પાયો અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા સામે પ્રશ્નાર્થ બની ગયેલી કોંગ્રેસથી મુક્ત ભારત બનાવવા અને રાષ્ટ્રવાદી અને વિકાસોન્મુખ ભાજપને શક્તિશાળી બનાવવા માટે યોગદાન આપનાર તમામ કાર્યકર્તાઓ અને શુભેચ્છકોનું આ તબક્કે શહેર પ્રમુખ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાએ ઋણ સ્વીકાર કર્યુ હતું અને વધુમાં જણાવ્યું હતું કે આજે ગુજરાત જ નહી પરંતુ સમગ્ર દેશ ભાજપમય છે. ભાજપની રાષ્ટ્રવાદ અને પ્રામાણિકાતાની જ્યોત ઠેર–ઠેર પ્રગટી રહી છે. હજ્જારો–લાખો કાર્યકરો કટીબદ્ધ છે અને સૌ નાગરીકો પ્રતિબદ્ધ છે ત્યારે આગામી વિધાનસભામાં ૧૫૦ થી વધુ કમળ ખીલશે એવો વિશ્વાસ શહેર પ્રમખ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાએ વ્યક્ત કર્યો હતો.